# <u>બોટાદ નગરપાલિકા</u>

શાકમાર્કેટ રોડ( વોરા સોસાયટી નજીક ,એ-વન ગેરજ ની બાજુમાં ) પરના (સીટી સર્વે નં.-૩૪૫૫) શોપિંગ સેન્ટરમાંની
દુકાનો જાહેર હરાજીથી વેચાણ દસ્તાવેજથી મેળવવા માટેનું અરજી ફોર્મ

ફોર્મ ફી :- રૂ.૫૦૦/-(નોન રીફન્ડેબલ) પહોંચ નં.-......................... તા. /૦૫/૨૦૨૩

કેશીયર
બોટાદ નગરપાલિકા

માંગણીદારનું પૂરું નામ :- ......................................................................
સરનામું :- ........................................................................................
ટેલીફોન/મોબાઈલ નં.- .........................................................................
તા. /૦૫/૨૦૨૩.

પ્રતિ,
ચીફ ઓફિસરશ્રી,
બોટાદ નગરપાલિકા,
બોટાદ. તા.જી.-બોટાદ

વિષય :- તા. /૦૫/૨૦૨૩ ની જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ડીપોઝીટની રકમ બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જય ભારત સાથ જણાવવાનું કે, બોટાદ નગરપાલિકા દ્વારા શાકમાર્કેટ રોડ(સીટી સર્વે નં.-૩૨૯૧) પરના શોપિંગ સેન્ટરમાંની દુકાનોની જાહેર હરાજી તા. /૦૫/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શાકમાર્કેટ રોડ પર (હયાત જૂની નગરપાલિકા કચેરીની બાજુમાં)ના શોપિંગ સેન્ટર ખાતે રાખેલ છે. આ જાહેર હરાજીમાં અમો નગરપાલિકાએ નક્કી શરતોને આધીન રહીને ભાગ લેવા ઈચ્છતા હોઈ, તા. / ૦૫/૨૦૨૩ ની જાહેર હરાજીમાં ભાગ લેવા માટે નગરપાલિકાએ નક્કી કરેલ ડીપોઝીટની રકમ રૂ .૫૦.૦૦૦/-(અંકે રૂપિયા પચાસ હજાર પુરા) અમો ભરવા માંગીએ છીએ. જે રકમ નગરપાલિકામાં જમા લઈ તા. /૦૫/૨૦૨૩ ની જાહેર હરાજીમાં ભાગ લેવાની અમોને મંજુરી આપવા આપશ્રીને વિનંતી છે. અરજી ફોર્મ સાથે સામેલ હરાજીની શરતો, દુકાનોનું ક્ષેત્રફળ, અપસેટ વેલ્યુ(તળિયાની કિંમત) વિગતે અમોએ વાંચી-સમજી લીધેલ છે. જે અમોને કબુલ મંજુર તેમજ બંધનકર્તા છે.
તા. /૦૫/૨૦૨૩.

કેશીયરશ્રી, એકાઉન્ટન્ટશ્રી, એકાઉન્ટન્ટ ઓફિસરશ્રી,

માંગણીદારની અરજીની વિગતે તા......./૦૫/૨૦૨૩ ની જાહેર હરાજીમાં ભાગ લેવા સારું ડીપોઝીટની રકમ રૂ. ૫૦,૦૦૦/-(અંકે રૂપિયા પચાસ હજાર પુરા) વસુલ લેવાની આથી મંજુરી આપવામાં આવે છે.
તા. ...../૦૫/૨૦૨૩.

ચીફ ઓફિસર
બોટાદ નગરપાલિકા

આપ સાહેબશ્રીના ઉપરોક્ત શેરા અન્વયે તા.     /૦૫/૨૦૨૩ ની જાહેર હરાજીમાં ભાગ લેવા સારું શ્રી ............................................................................... પાસેથી રૂ. ૫૦,૦૦૦/-(અંકે રૂપિયા પચાસ હજાર  પુરા) સામાન્ય પહોંચ નં.-........................... તા.   /૦૫/૨૦૨૩ થી ડીપોઝીટની રકમ વસુલ લીધેલ છે. જેથી શ્રી ..................................................................... ને તા.    /૦૫/૨૦૨૩ ની જાહેર હરાજીમાં ભાગ લેવાની મંજુરી આપવા વિનંતી છે.

| | |
|---|---|
| **કેશીયર** | **એકાઉન્ટન્ટ** |
| **બોટાદ નગરપાલિકા** | **બોટાદ નગરપાલિકા** |

## બોટાદ નગરપાલિકા

શાકમાર્કેટ રોડ ( વોરા સોસાયટી નજીક ,એ-વન ગેરજ ની બાજુમાં )
, બોટાદ તા.જી.-બોટાદ

( વોરા સોસાયટી નજીક ,એ-વન ગેરજ ની બાજુમાં ) જમીન (સીટી સર્વે નં.-૩૪૫૫ ની જમીન) પર બનાવેલ શોપિંગ સેન્ટરમાંની દુકાનોની જાહેર હરાજી.

**-: જાહેર હરાજી :-**

(૧) સામાન્ય સભાના ઠરાવ નં.-૩૬ તા.૨૨/03/૨૦૧૧. (૨) બોટાદ નગરપાલિકાના સર્ક્યુલર ઠરાવ નં.-૫૬ તા.૧૩/૦૬/૨૦૧૧. (૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: નપલ/૪૫૧૧/૩૩૫૧/મ તા.0૪/૦૮/૨૦૧૧. (૪) બોટાદ નગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં.-૭૯ તા.૨૪/૦૮/૨૦૧૧. (૫) જીલ્લા કલેકટરશ્રી, ભાવનગરના હુકમ નં.-મ્યુનિ/૨/વશી/૧૧૧૦૧૪૧૧ તા.૨૯/૦૮/૨૦૧૧. (૬) જીલ્લા કલેકટરશ્રી, ભાવનગરના હુકમ નં.મ્યુનિ/૨/વશી/૧૧૦૫-૦૯/૧૧ તા.૨૯/૦૮/૨૦૧૧. (૭) જીલ્લા કલેકટરશ્રી, ભાવનગરના હુકમ નં.મ્યુનિ/૨/વશી/૧૧૩૭/૧૧ તા.૨૧/૦૯/૨૦૧૧ (૮) કમિશ્નર મ્યુંનીસીપાલીટી એડમીનીસ્ટ્રેટશનની કચેરી નાં હુકમ નં. COMA/VKS/e-file/259/2023/0876/Vikas તા. ૪/03/૨૦૨૩

.

**-: જાહેર હરાજીની શરતો :-**

૧. જાહેર હરાજીમાં ભાગ લેવા માટે માંગણીદારે રૂ.૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા)ફોર્મ ફી(નોન રીફન્ડેબલ) બોટાદ નગરપાલિકા કચેરીમાં જમા કરાવી, નિયત નમુના મુજબનું ફોર્મ મેળવી, અરજી ફોર્મમાં નિયત ડીપોઝીટ(ડીમાન્ડ ડ્રાફ્ટ/બેન્કર ચેક/રોકડ) સાથે સમયમર્યાદામાં નગરપાલિકાની હિસાબી શાખામાં રજુ કરવાનું રહેશે.

૨. માંગણીદારએ જાહેર હરાજીમાં ભાગ લેવા માટે નિયત અરજી ફોર્મ સાથે પ્રત્યેક દુકાનદીઠ રૂ. ૫૦,૦૦૦/-(અંકે રૂપિયા પચાસ હજાર  પુરા) ની ડીપોઝીટ ભરપાઈ કરવાની રહેશે.

૩. જાહેર હરાજીમાં ભાગ લેવા માટે સબંધિત વ્યક્તિએ હરાજી હોલમાં દાખલ થતી વખતેડીપોઝીટ ભર્યાની પહોંચ બતાવી, ટોકન નંબર મેળવી લેવાનો રહેશે. ડીપોઝીટ ભર્યાની પહોંચ તેમજ નંબર સિવાય કોઈએ પણ જાહેર હરાજીના હોલમાં દાખલ થવા દેવામાં આવશે નહી

૪. જાહેર હરાજીમાં બોલી બોલતી વખતે આપવામાં આવેલ ટોકન નંબર હાથ ઉંચો કરી બતાવવો, ત્યારબાદ જ જે-તે વ્યક્તિ બોલીની રકમ બોલી શકશે.

૫. જાહેર હરાજીમાં જે વ્યક્તિની બોલી મંજુર થયેલ હશે તેના નામે જ બાકીની રકમ ભરપાઈ કરવાની રહેશે અને તેના નામે જ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે. વેચાણ દસ્તાવેજ અગાઉ કોઈપણ સંજોગોમાં દુકાન અન્યના નામે ટ્રાન્સફર કરી શકાશે નહી.

૬. શોપીંગ સેન્ટરમાંની દુકાનોની જાહેર હરાજી પ્રાદેશિક કમિશ્નરશ્રીનાં પ્રતિનિધિશ્રીની હાજરીમાં કરવાની છે. અનિવાર્ય કારણોસર પ્રાદેશિક કમિશ્નરશ્રીનાં પ્રતિનિધિશ્રીની હાજર ન રહી શકે તો જાહેર હરાજી મુલતવી રાખવામાં આવશે. જે અંગે કોઈ વાંધો કે તકરાર કરી શકાશે નહી.

૭. જાહેર હરાજીમાં કોઈપણ બોલી મંજુર કે નામંજૂર કરવીતે અંગેની તમામ સત્તા બોટાદ નગરપાલિકાની વહીવટદારશ્રી ને અબાધિત રહેશે.

૮. અપસેટ વેલ્યુ(તળિયાની કિંમત) કરતા માત્ર વધુ રકમની બોલી બોલવાથી જ જાહેર હરાજીમાં દુકાન ફાળવી શકાશે નહી. જાહેર હરાજીમાં તંદુરસ્ત હરીફાઈ થયાનું ન જણાયેથી જાહેર હરાજીમાં અપસેટ વેલ્યુ કરતા વધુ રકમની બોલેલ બોલી પણ નામંજૂર કરવામાં આવશે.

૯. અનિવાર્ય સંજોગોમાં કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય નગરપાલિકાએ રાખેલ જાહેર હરાજી મુલતવી રાખી શકાશે કે જાહેર હરાજી રદ કરી શકાશે. નવેસરથી જાહેર હરાજીમાં ભાગ લેવા માટે નગરપાલિકા જણાવે તે તારીખે અને સમયે નગરપાલિકા નક્કી કરે તે શરતોને આધીન ફરીથી જાહેર હરાજીમાં ભાગ લેવાનો રહેશે.

૧૦. સદર શોપીંગ સેન્ટરમાંની દુકાનો જે સ્થિતિમાં છે, તે સ્થિતિમાં જ દુકાનોનું પઝેશન આપવાનું છે.

૧૧. જાહેર હરાજીમાં બોલી મંજુર ન થવાના સંજોગોમાં હરાજી પૂર્ણ થયેથી ડીપોઝીટની ઓરીજનલ પહોંચ તથા ટોકન જમા કર્યેથી દિવસ-૭(સાત)માં એકાઉન્ટ-પે ચેક થી નગરપાલિકામાં જમા ડીપોઝીટની રકમ વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૧૨. જાહેર હરાજીમાં બોલી મંજુર/આખરી થયેથી બોટાદ નગરપાલિકાની વહીવટદારશ્રી સમક્ષ નિયત નમુનાની સહી કરી સંમતિ આપવાની રહેશે.

૧૩. સૌથી ઉંચી બોલી બોલનાર દ્વારા બોલીની રકમ સમયમર્યાદામાં ભરપાઈ ન થવાના સંજોગોમાં અન્ય નીચી બોલી બોલનારને દુકાન ફાળવવામાં આવશે નહી. પરંતુ તે દુકાન નવેસરથી જાહેર હરાજી કરવામાં આવશે.

૧૪. છેવટની માંગણી કરનાર દ્વારા બોલીની પૂરે પૂરી રકમ નગરપાલિકા કચેરીમાં ભરપાઈ કર્યા બાદ જ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે અને ત્યારબાદ દુકાનનો કબજો સોંપવામાં આવશે.
૧૫. ડીપોઝીટની રકમ જમા કરાવ્યા બાદ બાકીની રકમ નીચે મુજબના હપ્તેથી બોટાદ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

| અનુ .નં. | સમયમર્યાદા | ભરપાઈ કરવાપાત્ર રકમ રૂ.(%) |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૧. | જાહેર હરાજીની તારીખથી દિવસ-૧૫(પંદર) સુધીમાં | બોલીની રકમના ૨૫% |
| ૨. | જાહેર હરાજીની તારીખથી દિવસ-૩૦(ત્રીસ) | બોલીની રકમના ૨૫%(કુલ-૫૦%) |

| | | |
|---|---|---|
| | સુધીમાં | |
| ૩. | જાહેર હરાજીની તારીખથી દિવસ-૬૦(સાઈઠ) સુધીમાં | બોલીની રકમના ૨૫%(કુલ-૭૫%) |
| ૪. | જાહેર હરાજીની તારીખથી દિવસ-૯૦(નેવું) સુધીમાં | બાકી રહેતી તમામ રકમ(ડીપોઝીટની રકમ આખરી હપ્તામાં સરભર કરવામાં આવશે.) |

જાહેર રજા તથા તહેવારના દિવસો દરમ્યાન તે પછીનો ચાલુ દિવસ ધ્યાને લેવાનો રહેશે.

ઉપરોક્ત રકમ સમયસર ભરપાઈ ન થવાના સંજોગોમાં અરજદાર દ્વારા ભરેલ ડીપોઝીટની સંપૂર્ણ રકમ જપ્ત કરવામાં આવશે તથા અન્ય ભરપાઈ ન કરેલ રકમના ૨૫% રકમ જપ્ત કરી બાકીની રકમ વગર વ્યાજે પરત કરવામાં આવશે. તેમજ તે દુકાનની જાહેર હરાજીથી અન્યને ફાળવી શકાશે.

૧૬. હરાજીની ચાલુ કાર્યવાહીમાં કોઈ અવરોધ કરવામાં આવશે તો તેવી વ્યક્તિ/વ્યક્તિઓને જાહેર હરાજીમાં ભાગ લેતા અટકાવી શકાશે.

૧૭. દુકાન/સ્ટોલના નંબર, સ્થળ તથા માપ અંગેની ખરાઈ હરાજીમાં ભાગ લેનારે સ્થળ તપાસ કરી અગાઉથી કરી લેવાની રહેશે. તે અંગે પાછળથી કોઈ ઝગડો કે તકરાર ચાલશે નહી. બોલી આખરી થયેથી નગરપાલિકા દ્વારા જણાયેલ એરિયા માન્ય રાખવાનો તથા તે મુજબની રકમ ભરપાઈ કરવાની રહેશે.

૧૮. જાહેર હરાજીમાં દુકાનની ઓછામાં ઓછી બોલી રૂ. ૫,૦૦૦/-(અંકે રૂપિયા પાચ હજાર પુરા) કે તેના ગુણાંકમાં બોલી બોલવાની રહેશે. બોટાદ નગરપાલિકાની હરાજી માટેની સમિતિ જરૂર જણાયે બોલીની રકમમાં વધારો કે ઘટાડો કરી શકાશે.

૧૯. બોલીની પૂરેપૂરી રકમ બોટાદ નગરપાલિકા કચેરીમાં જમા કરાવ્યા બાદ વેચાણ દસ્તાવેજ માટે જરૂરી રકમનો સ્ટેમ્પ પેપર નગરપાલિકા કચેરીમાં માંગણીદારે આપવાનો રહેશે. દસ્તાવેજ અંગે થનાર તમામ ખર્ચ દુકાન/સ્ટોલ ખરીદનારે જ ભોગવવાનો રહેશે. વેચાણ દસ્તાવેજનું રજીસ્ટ્રેશન થયા બાદ જ કબજો સોંપવામાં આવશે.

૨૦. નગરપાલિકા દ્વારા નક્કી થયા મુજબના નમૂનામાં જ દસ્તાવેજ અરજદારના ખર્ચે અને જોખમે કરી આપવામાં આવશે.

૨૧. બોલી મંજુર થયેથી જે નામ ઉપર ડીપોઝીટ જમા કરાવેલ હશે તે નામ પર જ દુકાન/સ્ટોલ નોંધવામાં આવશે તથા તે નામનો જ દસ્તાવેજ નગરપાલિકા દ્વારા કરી આપવામાં આવશે.

૨૨. દુકાન/સ્ટોલ વેચાણથી રાખનાર ઈસમ દુકાન/સ્ટોલમાં કોઈપણ જાતના ફેરફાર નગરપાલિકાની પૂર્વે મંજુરી મેળવ્યા સિવાય કરી શકશે નહી તેમજ ફાળવેલ ક્ષેત્રફળ કરતા વધારાનું બાંધકામ/દબાણ કરી શકાશે નહી. નવું બાંધકામ/દબાણ થયેથી નગરપાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જે અંગે થતા નુકશાનનું કોઈ જ વળતર ચુકવવામાં આવશે નહી. નગરપાલિકાના શોપિંગના એલીવેશન તથા મૂળ સ્ટ્રક્ચરમાં કોઈપણ ફેરફાર કરી શકાશે નહી નગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવી ડિસ્ક એન્ટેના મૂકી શકાશે.

૨૩. જે માંગણીદારો બેંક/નાણાકીય સંસ્થા પાસેથી લોન મેળવવાની ઈચ્છા ધરાવતા હશે તેવા અરજદારોની બોલી મંજુર થયેથી તેમજ નિયત રકમ ભર્યા બાદ તેવા અરજદારોને એલોટમેન્ટ લેટર તથા બાંધકામને લગતા જરૂરી પેપરો નગરપાલિકા દ્વારા પુરા પાડવામાં આવશે.

૨૪. ફાળવેલ દુકાનો/સ્ટોલનો ઉપયોગ વાંધાજનક/પ્રતિબંધિત તથા નુકશાનકર્તા ચીજવસ્તુઓ સિવાયની ચીજવસ્તુઓના વેપાર માટે જ કરવાનો રહેશે.

૨૫. દુકાનમાં દારૂખાનું અગર અકસ્માતથી સળગી ઉઠે તેવા જ્વલનશીલ પદાર્થો તેમજ સરકારી ગુનો બને તેવા ગુન્હાહિત/વેપાર, અનીતિનો ધંધો, પબ્લિકને ત્રાસ થાય તેવા પદાર્થોની શાકાહારી કે બિન શાકાહારી હોટેલ, મટન, મરઘા, બતક કે કોઈપણ જાતના પશુ પંખીનો વેપાર કરી શકાશે નહિ. કોઈપણ કાયદેસરનો વેપાર/ધંધો કરતા પહેલા સક્ષમ અધિકારીશ્રીઓને પરવાનો/લાયસન્સ મેળવવાના રહેશે.

૨૬. દુકાનદાર દુકાનમાં કે દુકાન બહાર ગંદકી થાય તેવું કોઈપણ(ત્રાસદાયક) કૃત્ય કરી શકાશે નહી. તેમજ દુકાનની બહાર પણ વેપારનો કોઈપણ માલસામાન મૂકી શકાશે નહી. તેમ કરવામાં કસુર થયેથી દુકાનદારના ખર્ચે અને જોખમે નગરપાલિકા કાયદેસરની કાર્યવાહી કરશે.

૨૭. જે તે દુકાનદારે પોતાની દુકાનમાં પી.જી.વી.સી.એલ.નું મીટર અલાયદું લેવાનું રહેશે. તેમજ વીજ વપરાશનું બીલ જે-તે દુકાનદારે ભરવાનું રહેશે. મીટર મેળવવાની અને તે માટેની જરૂરી ખર્ચની રકમ ભરવાની જવાબદારી દુકાનદારની રહેશે.

૨૮. બોટાદ નગરપાલિકાના સર્ક્યુલર ઠરાવ નં.-૫૬ તા.૧૩/૦૬/૨૦૧૧ થી સદર શોપિંગ સેન્ટરમાંની દુકાન નં.-G-10, F-7 અનુસુચિત જાતિ માટે લાભાર્થીઓ માટે તેમજ G-13 , F-5, F-6 , અનુસુચિત જનજાતિ માટેના લાભાર્થીઓ માટે અનામત રાખેલ છે. જેથી આ દુકાનો માટે સબંધિત જ્ઞાતિની વ્યક્તિઓ જ જાહેર હરાજીમાં ભાગ લઈ શકશે. જ્ઞાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્ર અરજી ફોર્મ સાથે રજુ કર્યેથી જ જાહેર હરાજીમાં ભાગ લેવાની મંજુરી આપવામાં આવશે.

૨૯. દુકાન/સ્ટોલ/ઓફીસ વેચાણ રાખનાર દરેકે એશોસિએશનના મેમ્બર ફરજિયાતપણે બનવાનું રહેશે તેમજ એશોસિએશન સભ્યો દ્વારા બનાવવામાં આવેલા નિયમોને માન્ય રાખી પાલન કરવાનું રહેશે. તેમજ એશોસિએશન દ્વારા માસિક/વાર્ષિક મેઈન્ટેનન્સ ફી એશોસિએશનમાં જમા કરાવવાની રહેશે. માસિક/વાર્ષિક મેઈન્ટેનન્સ ફી સમયસર જમા ન થવાના સંજોગોમાં એશોસિએશન દ્વારા નક્કી થયા મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

૩૦. દુકાનનું બોર્ડ યોગ્ય જગ્યાએ જ મુકવાનું રહેશે. તે સિવાય કોઈપણ જાતનું સાઈનબોર્ડ મુકવા દેવામાં આવશે નહી.

૩૧. દુકાનની પ્રતિ ચો.મી. મેઈન્ટેનન્સની રકમ રૂ.૬૦૦/-(અંકે રૂપિયા છસ્સો પુરા) એકજ વખત અલગથી દસ્તાવેજ અગાઉ દુકાનની કિંમત ઉપરાંત ભરપાઈ કરવાની રહેશે.

૩૨. મેઈન્ટેનન્સની રકમ નગરપાલિકામાં જમા હશે ત્યાં સુધી નગરપાલિકા દ્વારા મેઈન્ટેનન્સ કરવામાં આવશે. ત્યારબાદ દુકાન ધારકોએ મેઈન્ટેનન્સની વરાડે પડતી રકમ ઉઘરાવી મેઈન્ટેનન્સ કરવાનું રહેશે.

૩૩. જ્યાં સુધી પ્રોજેક્ટનું મેઈન્ટેનન્સ બોટાદ નગરપાલિકા પ્રોજેક્ટ ઓનર એશોસિએશનને ન સોંપે ત્યાં સુધી મેઈન્ટેનન્સ નગરપાલિકા દ્વારા કરવામાં આવશે અને તે અંગે નગરપાલિકા દ્વારા બનાવેલ નિયમો તમામ દુકાન/સ્ટોલ/ઓફીસ હોલ્ડરને બંધનકર્તા રહેશે.

૩૪. ઉપરોક્ત શરતોનો ભંગ થયેથી નગરપાલિકા દુકાન/સ્ટોલ/ઓફીસ સીલ કરી શકશે અને નગરપાલિકાની નિમેલ કમિટી દ્વારા યોગ્ય નિર્ણય કરી કાર્યવાહી કરવામાં આવશે.

૩૫. બોટાદ નગરપાલિકા પાસેથી વેચાણ રાખનાર દુકાનદાર, સદર દુકાન અન્યને વેચાણ કરે તો તેવા સંજોગોમાં અન્ય ખરીદનાર વ્યક્તિને પણ જાહેર હરાજીની તમામ શરતો બંધનકર્તા રહેશે. તે મુજબ વેચાણ આપવાની રહેશે.

૩૬. બોટાદ નગરપાલિકા પાસેથી દુકાન ખરીદનાર વ્યક્તિએ પ્રતિ દુકાન (કાર્પેટ એરિયા મુજબ) ચોરસ મીટરના હિસાબે આખરી ચુકવણું કરવાનું રહેશે. દુકાનના ક્ષેત્રફળ(કોલમ તથા કોલમના ઓફસેટ કાર્પેટ એરિયામાં બાદ આપવામાં આવશે નહી.) મુજબ દસ્તાવેજ કરી આપવામાં આવશે. દુકાનના ક્ષેત્રફળ માટે દિવાલથી દિવાલ મુજબ ગણતરી કરવામાં આવશે. તેમજ નગરપાલિકાના એન્જીનીયરશ્રી દ્વારા કરેલ માપણી આખરી ગણવાની રહેશે.

૩૭. શોપિંગ સેન્ટરમાંની દુકાનો વેચાણથી રાખનાર દરેક વ્યક્તિએ આ મિલકત પરના તમામ વેરાઓ જેવા કે મિલકત વેરો, સફાઈ વેરો, લાઈટ વેરો, શિક્ષણ વેરો, પાણી વેરો, ગટર વેરો વિ.નિયમિતપણે ભરવાનો રહેશે.

૩૮. સદરહું શોપિંગ સેન્ટરના ટેરેસ(અગાસી) ની માલિકી બોટાદ નગરપાલિકાની જ રહેશે અને ભવિષ્યમાં બોટાદ નગરપાલિકા તેનો ઉપયોગ કોઈપણ હેતુ માટે કરી શકશે.

૩૯. સદરહું શોપિંગ સેન્ટરમાંની દુકાનોની જાહેર હરાજીમાં નગરપાલિકાના હોદેદારો કે નગરપાલિકાના સભ્યો કે તેમના કુટુંબના સભ્યો ભાગ લઈ શકશે નહી.

૪૦. જાહેર હરાજીની ઉપરોક્ત શરતો સિવાય પરિસ્થિતિને અનુરૂપ બોટાદ નગરપાલિકાની વહીવટદારશ્રી જાહેર હરાજી વખતે જે શરતો જાહેર કરે તે તમામ શરતોનું પાલન હરાજીમાં ભાગ લેનારે કરવાનું રહેશે.

૪૧. ૧(એક) ડીપોઝીટની રકમ પર માંગણીદારની બોલી મંજુર થયેથી તેવી વ્યક્તિ અન્ય દુકાનોની જાહેર હરાજીમાં ભાગ લઇ શકશે નહિ.

૪૨. જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ૧(એક) ડીપોઝીટ ભરેલ હોય અને જાહેર હરાજીમાં તેઓની બોલી મંજુર થયેલ ન હોય તો તેવી વ્યક્તિઓ અન્ય દુકાનોની જાહેર હરાજીમાં જ્યાં સુધી તેઓની બોલી મંજુર ન થાય ત્યાં સુધી ભાગ લઈ શકશે.

૪૩. ઉપરોક્ત તમામ શરતોનું અર્થઘટન જાહેર હરાજી માટેની બોટાદ નગરપાલિકાની વહીવટદારશ્રી કરશે, તે હરાજીમાં ભાગ લેનારને બંધનકર્તા રહેશે. કોઈપણ બાબતમાં વ્યવહારૂ ફેરફાર કે અર્થઘટન કરવાની કે સુધારો કરવાની તમામ સત્તા જાહેર હરાજી માટેની બોટાદ નગરપાલિકાની વહીવટદારશ્રી હસ્તક રહેશે.

૪૪. હરાજી બાબતે કોઈપણ વિવાદ થાય તેવા સંજોગોમાં ન્યાયક્ષેત્ર-બોટાદ રહેશે.

**ચીફ ઓફિસર**
**બોટાદ નગરપાલિકા**

**વહીવટદાર**
**બોટાદ નગરપાલિકા**

ઉપરોક્ત તમામ જાહેર હરાજીની શરતો મે ............................................................................ એ વાંચીને સમજી લીધેલ છે. જે હરાજીની શરતોએ હું બોટાદ નગરપાલિકા દ્વારા રાખવામાં આવેલ જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છા ધરાવું છું. ઉપરોક્ત શરતો મને તથા મારા વંશ વારસોને કબુલ મંજુર તથા બંધનકર્તા છે.

તા. ......./૦૫/૨૦૨૩

................................
(અરજદારની સહી)